# "દરેક મનુષ્ય માત્રમાં એક 'ગાંધી' જીવે છે"

## ગાંધીજી ત્યારે પણ સાંપ્રત હતા, આજે પણ છે અને હંમેશા રહેશે... ગાંધી નિર્વાણ દિને નગરજનોની પૂ. બાપુને આદરાંજલિ..!!



"એક યુવતી તરીકે મારૂ માનવુ છે કે ૨૧મી સદીમાં ગાંધીજીએ સૂચવેલા સર્વસુધારા પાછા યાદ કરવાની અને તેનો અમલ કરવાની જરૂર આજે વર્તાય છે. મહિલા અંગે ગાંધીજીનું માનવુ હતુ કે મહિલાનું સામાજિક શોષણ ત્યારે જ અટકશે જ્યારે તે ભણશે અને પોતાના અધિકાર અંગે જાગૃત બનશે. આજે પણ મહિલાઓના સશક્તિકરણના તેમના વિચાર અને આચારમાં પાયાની ભૂમિકા ભજવી શકે છે. ગાંધીજીના મહિલાઓ પ્રત્યેના આદર્શને હું સૌથી વધુ અનુસરૂ છું."

**બંસરી પંડ્યા, પીએચ.ડી. (સ્કોલર)**

●●●



"ગાંધીજીની બહુમુખી પ્રતિભાને કારણે આપણે અંગ્રેજોની હકુમત હેઠળ આઝાદ થયાં. ગાંધીજી એવી વ્યક્તિ હતા જેમનું જીવન એ જ આપણા માટે એક સંદેશ છે, તેમણે શીખવેલ સ્વચ્છતા એ મારા જીવનમાં વણાયેલ છે જેના કારણે મને પોતાને મારૂ ઘર, આંગણું કે મારી શાળા હંમેશા સ્વચ્છ રહે તેવો આગ્રહી છું. આ સ્વચ્છતાના પાઠ મારા જીવનમાં ઉતારનાર રાષ્ટ્રપિતાને કોટિકોટિ વંદન..!"

**વિશાલ થોરાત, વ્યાયામ શિક્ષક, લીંબોદરા હાઈસ્કૂલ**

●●●



"ગાંધીજી એ વ્યક્તિ માત્રથી આગળ વધીને ઉન્નત વિચારોનો ખજાનો છે, તેમણે આપેલ અગિયાર વ્રતો પૈકી એક વ્રતનું પણ જીવનમાં આચરણ કરવામાં આવે તો તે મારા મતે ગાંધીજીને આપેલ હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ લેખાશે. ગાંધીજીએ દર્શાવેલ સ્વચ્છતાને જીવનમાં વણી લઈને તેમની ઉપસ્થિતિનો અનુભવ કરીએ તેમજ સાથે સાથે રાષ્ટ્રનું ગૌરવ પણ વધારીએ..."

**રાઘવકુમાર જોષી, આરએફઓ, અરણ્યપાર્ક**



"મનુષ્ય માત્રમાં એક "ગાંધી" જીવે છે, જે તમને ખોટું બોલતા અટકાવે છે. જે કોઈને મદદ કરવા હાથ લંબાવે છે, જે ફુલ જેવા બાળકો જોઈને મલકી ઉઠે છે, જે પ્રમાણિકતાથી પોતાનું કામ કરે છે, જે પોતાની ભૂલ સ્વીકારીને સુધારવાનો પ્રયત્ન કરે છે, જે નિઃસ્વાર્થ પ્રેમ કરે છે... જે...જે... ગાંધીજી ભૂતકાળમાં પણ પ્રસ્તુત હતા, છે અને કાયમ રહેશે જ."

**રોહિણી પરમાર - શિક્ષિકા**

●●●



"વિશ્વને બદલવા માટે પોતાનાથી શરૂઆત કરો" ગાંધીજીની આ વાતને હું શત પ્રતિશત માનું છું. અગર આપણે કોઈ બદલાવ લાવવો છે તો પહેલા આપણે બદલાવું પડશે અને ગાંધીજીના સિદ્ધાંતોને અપનાવવા પડશે. જો બદલાવ સારો હશે તો સૌ કોઈ તેને અપનાવશે, તે માટે દબાણ નહી કરવું પડે. અમે મિત્રો જ્યારે પણ ગરીબોને કપડાં વિતરણનું સેવા કાર્ય કરવા વિચારીએ છીએ ત્યારે અમારી અપેક્ષા કરતા વધુ વસ્ત્રોનું દાન અમને પ્રાપ્ત થાય છે અને વધુ મિત્રો પણ તેમાં જોડાય છે. જે મને ગાંધીજીની આ વાતની પ્રતિતિ કરાવે છે."

**કેવલ ત્રિવેદી - ડાયરેક્ટર, એ.પી. કન્સલટન્સ, (મોટિવેશનલ સ્પીકર)**

●●●



"ઝડપથી આગળ વધી રહેલા ભારત દેશમાં જેમ એક પરિવાર ટેકનોલોજીથી ઘેરાતો જાય છે અને સંબંધોથી દૂર થતો જાય છે તેમ ગાંધી બાપુ પણ ધીમે ધીમે ઓસરતા જાય છે, આમ છતાં ક્યાંક ને ક્યાંક અંદરથી તેમના આદર્શોને અનુસરવાનું મન થાય છે. બધુ જ હોવા છતાં સાદગીભર્યુ જીવન દરેક વિકટ અને વિપરિત પરિસ્થિતિમાં સ્વભાવને શાંત રાખવા મદદરૂપ બને છે. આજે હું શક્ય હોય તેટલી સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખુ છું."

**અલ્કેશ ભાનુપ્રિય - સીઈઓ, ઈવઝી થ્રીડી પ્રિન્ટિંગ**



"ઈતિહાસમાં તથ્ય હોવુ જોઈએ અને આધ્યાત્મમાં સત્ય હોવું જોઈએ... ગાંધીમાં સત્ય અને તથ્ય બન્ને છે. વર્તમાનમાં ગાંધીના સમગ્ર વિચારો સમસૃષ્ટી માત્રને કલ્યાણકારી છે, જે હકીકત છે. ગાંધી અનુસરવાની વ્યક્તિ છે. વિચારવાની કે વાંચવાની વ્યક્તિ નથી. એટલે જ ગાંધી ભૂતકાળ નહી પણ તમામ કાળમાં સાંપ્રત છે અને રહેશે. બસ ગાંધીજીએ કહ્યુ એટલુ જ કરવામાં આવે તો વર્તમાનમાં તમામ શિક્ષણ અને સમાજની સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે."

**પ્રો. વનરાજસિંહ જાડેજા**
**સરકારી વિનયન કોલેજ, સે. ૧૫, ગાંધીનગર**

●●●



"ગાંધીજીના વિચારો ગરીબ માનવીના ઉત્કર્ષ માટેના હતા એ વિચારો માનવીના આધ્યાત્મિક ઉત્કર્ષ માટેના હતા એ વિચારો માનવ મનમાં, જીવન વ્યવહારમાં, ધર્મ, સાદગી, પ્રામાણિકતા, સહકાર સાચા અર્થમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેના હતા. આ વિચારો દરેક જીવનની પ્રગતિ માટે સમયના સંદર્ભમાં કાયમી ધોરણે ઉપયોગી છે અને સાચા છે. તેથી પૂજ્ય ગાંધીજીના વિચારો આજે પણ અકબંધ છે. વ્યક્તિ વિકાસ, ગ્રામોદ્યોગ અને ગામડાઓનો ઉદ્ધાર એ જ ગાંધીજીની વિચારધારા છે."

**લીલાબેન અંકોલીયા - અધ્યક્ષા, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર**

●●●



"વર્તમાન સમયમાં ગાંધીજી દેશના દરેક વ્યક્તિના જીવનમાં વિશેષ સ્થાન ધરાવે છે. ગાંધીજી એ ભુલી જવાય તેવી વ્યક્તિ જ નથી. તેને જીવનમાં ઉતારવા જેવી મહાન વિભૂતિ છે."


**ભારતીબેન મિસ્ત્રી - ગૃહિણી, સરગાસણ**



"યુગ બદલાય છે, સમય પસાર થાય છે, પરંતુ કેટલીક બાબતોમાં અપરિવર્તનીય જળવાઈ રહે છે. કારણ કે તેમનુ અસ્તિત્વ એ સમયની પણ જરૂરિયાત હોય છે. જેમ સૂર્ય, ચંદ્ર વગેરે એ જ રીતે ગાંધી વિચાર અર્થાત સત્ય, અહિંસા, ગ્રામીણ વિકાસને અગ્રીમતા, આદર્શ લોકશાહી આ બાબતોનું અસ્તિત્વ એ વર્તમાન જ નહી પરંતુ દરેક સદીની જરૂરીયાત છે અને આદર્શ માનવજીવનની ઓળખ છે. આથી જ ગાંધી વિચાર આજે પણ પ્રસ્તુત છે."


**ડો. શહેઝાદ હુસૈન કાઝી, ગાંધીનગર**

●●●



"દેશના રાષ્ટ્રપિતા અહિંસાના પૂંજારી જરૂરિયાત મુજબ સાદુ જીવન અપનાવનાર સત્યાગ્રહી 'બાપુ' એટલે સત્યની મૂર્તિ છે. તે ભૂલેથી પણ ભૂલી શકાય તેમ નથી. એટલે જ આજે ગાંધી તેના વિચારો સાથે જીવંત છે. મહાત્મા જેનો માત્ર આરંભ જ હોય અંત ક્યારેય ન હોય. બાપુ રૂપી આરંભ જેનો સૂર્યાસ્ત કદી ન થાય તેનો સૂર્યોદય પળે પળે થાય છે."

**બિનોય વર્સાત - નોકરીયાત યુવતિ, ગાંધીનગર**




વિશ્વમાં સત્ય અને અહિંસાનો સંદેશ આપી અનોખો શાંતિનો માર્ગ ચિંધનાર મહામાનવ રાષ્ટ્રપતિ ગાંધીજી આજે પણ એટલા પ્રસ્તુત છે. વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવનમાં સ્વચ્છતા, સાદગી, નિષ્ઠા અને અહિંસા જીવનશૈલી બની જાય તો જીવતર સફળ બને છે. વૈષ્ણવજન તો તેને રે કહીએ ભજનને વિશ્વના સ્તર ગુંજતુ કરનાર ગાંધીજી સાચે જ ગુજરાતની અસ્મિતા છે, દેશની ઓળખ બન્યા છે. વર્તમાન જીવનમાં ગાંધીજીને જો જીવનમાં ઉતારાય તો મોટા ભાગની સમસ્યાઓના સમાધાન હાથ વેંતમાં પ્રાપ્ત થાય

**જયેશ પંચોલી, બ્રહ્મ સમાજ યુવા અગ્રણી (ડીઓપી, કોરીયોગ્રાફર)**

# આજે ગાંધી નિર્વાણ દિને બે મિનીટનું મૌન પાળી અંજલી અપાશે

ગાંધીનગર, તા. ૨૯

પૂ. મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિતે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની



સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ને બુધવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પળાશે. સમગ્ર રાજયમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ દરમિયાન બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

બુધવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી, મૌન પાળે. જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઈ છે.

મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે, ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો તમામ સંબંધિત કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ નિર્દિષ્ટ સમયે વગાડવામાં આવશે.

શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા સૌને અપીલ કરાઈ છે.

# સે. ૪માં આખલાએ હડફેટે લીધેલા વૃદ્ધનું કરૂણ મોત..!!!

### સોમવારે બપોરે બનેલી ઘટનામાં ગંભીર રીતે ઘાયલ વૃદ્ધનું સારવાર દરમ્યાન મંગળવારે પરોઢિયે મોત થતાં રહીશોમાં અરેરાટી : રખડતા ઢોર બાબતે અનેક રજૂઆતો છતાં તંત્રના આંખ આડા કાને વૃદ્ધનો ભોગ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૪-એમાં સોમવારે ઓમકારેશ્વર મહાદેવના મંદિર પાસે રખડતી ગાય અને આખલાએ એક વૃદ્ધને હડફેટે લઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. આજે પરોઢિયે તે વૃદ્ધનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજતાં સમગ્ર સેક્ટરમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. આ સાથે રહીશોમાં રખડતાં ઢોરને કાબુમાં ના લઈ શકતા તંત્ર તેમજ પોતાના ઢોરને રખડતા મુકતા પશુપાલકો પ્રત્યે પણ આક્રોશની લાગણી પ્રસરવા પામી છે.

સેક્ટર-૪-એ માં પ્લોટ નં. ૧૦૩૯/૨ ખાતે રહેતા ૭૯ વર્ષીય નટવરલાલ બી. શાહ પોતાના છેલ્લાં પાંચ વર્ષના નિત્યક્રમ મુજબ સવારે ૧૦ વાગે ઓમકારેશ્વર મહાદેવ મંદિરે જઈ પ્રભુ ભક્તિ કર્યા બાદ બપોરે ૧૨ વાગે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં પાછળથી લડતા લડતા આવેલ એક ગાય અને આખલાએ તેમને હડફેટે લીધા



હતા. આખલાએ નટવરલાલને પાછળથી શરીરના ડાબા ભાગે ભેટુ મારી ઉછાળવતા તેઓ હવામાં ઊંચકાઈને પટકાયા હતા. જેના કારણે તેમને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ સમયે દોડી આવેલા રહીશો પૈકી એક મહિલાએ લાકડી વડે ગાય-આખલાને દૂર ભગાડ્યા હતા. આ દરમ્યાન નજીકમાં જ રહેતા નટવરલાલના પુત્ર દેવાંગને જાણ થતાં તેઓ પોતાની કાર લઈને ઘટના સ્થળે ધસી આવ્યા હતા અને તુરંત પિતાને લઈને હાઈટેક હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં નટવરલાલના એક્સરે, સીટીસ્કેન વગેરે કરી તબીબે તેમને પાંસળીઓમાં મલ્ટીપલ ફેક્ચર હોવાનું જણાવ્યું હતું તેમજ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ગંભીર ઈજાઓને કારણે રાત્રે નટવરલાલને કિડની પર અસર પડવાથી પેશાબ થવાનુ બંધ થયુ હતુ તેમજ તેમના રૂધિરાભ્રમણને પણ અસર પહોંચી હતી. આજે વહેલી પરોઢે ૩ વાગ્યાની આસપાસ નટવરાલને તકલીફો વધી જતા હાર્ટએટેક આવી ગયો હતો અને સારવાર દરમ્યાન સવારે ૫ વાગ્યાની આસપાસ તેમનું કરૂણ મોત નીપજ્યું હતુ. તેમના અવસાનથી પરિવારમાં શોકની ઘેરી લાલીમાં પ્રસરી હતી જ્યારે સેક્ટર-૪ના રહીશોમાં અરેરાટી સાથે તંત્ર અને પશુપાલકો પ્રત્યે ઢોરને રખડતા રાખવા બાબતે ફીટકારની લાગણી જોવા મળી હતી.

### પુત્રોએ રખડતી ગાયોથી સાવધ રહેવા ચેતવ્યાં હતા

નટવરાલ શાહ ૧૯૯૭માં સે. ૩૦ના સહકારી પ્રેસમાંથી પ્રુફરીડરની ફરજમાંથી નિવૃત્ત થયાં હતા અને છેલ્લાં પાંચ વર્ષથી દરરોજ સવારે ૧૦ થી ૧૨ ઓમકારેશ્વર મંદિર જવાનો તેમનો નિત્યક્રમ હતો. તેમના ત્રણ સંતાનોમાં સૌથી મોટી દિકરી જાગૃતિ સે. ૨માં રહે છે જ્યારે બે પુત્રો દેવાંગ અને જતિન સેક્ટર-૪માં રહી મહાવીર ગૃપ ટ્યુશન ક્લાસ ચલાવે છે જે પૈકીના એક વિદ્યાર્થીએ જ દેવાંગને જાણ કરી હતી કે તેમના પિતાને આખલાએ હડફેટે લીધા છે. નટવરાલને અગાઉ પણ પુત્રોએ રખડતી ગાયોથી સાવધ રહેવા કહ્યું હતું.

### વાઈબ્રન્ટ દરમિયાન થયેલ ઢોર પકડની કામગીરી દરરોજ કેમ નથી કરાતી ?

તાજેતરમાં વાઈબ્રન્ટ સમિટના પગલે સમગ્ર નગરમાંથી રખડતાં ઢોરને પકડી લેવાયાં હતા તો બાકીના સામાન્ય દિવસોમાં તંત્ર આ કામગીરી કેમ અસરકારક રીતે નથી કરી શકતુ તેવો સવાલ નાગરિકોને થઈ રહ્યો છે. આ સાથે નાગરિકોને તંત્ર અને પશુપાલકોની મીલીભગત હોવાની પણ પ્રતિતિ થઈ રહી છે.

# શહેરના પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો વાહનચાલકો ત્રસ્ત

### સાંકડા સર્વિસ રોડ આસપાસના પાર્કીંગ પ્લેસ દબાણોના સંકંજામાં દબાણો કર્તાઓ બિન્દાસ્ત વાહનચાલકો દંડાય છે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો છે. જયારે સર્વિસ રોડ પર પાર્ક થયેલા વાહનો ટોઈંગ ક્રેન ઉઠાવી જતા વાહનચાલકો માટે દયાજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. એકબાજુ પાર્કીંગ પ્લેસની ડિઝાઈનમાં ફેરફાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે લાખોના ખર્ચ તૈયાર કરાયેલા પાર્કીંગ પરથી દબાણો દુર થતા નથી જેના લીધે નગરજનો વાહનો પાર્ક કરવા માટે જગ્યા પણ મળતી નથી. પાર્કીંગ પ્લેસ પરના દબાણો ત્વરિત દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ટ્રાફિક સિગ્નલ લગાવી દેવાયા બાદ નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બની છે. જેના લીધે પૈડા પરના જનજીવનમાં પણ સુધાર આવ્યો છે. અલબત્ત માર્ગ સલામતીને અવરોધરૂપ પરિબળોને યોગ્ય કરવા માટે હજુ ઘણુ કરવાનુ બાકી છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ રોડના લીધે પણ માર્ગ સલાતમી જોખમાઈ છે. શહેરમાં માર્ગ અકસ્માતો પાછળ ક્રોસ રસ્તાઓ જવાબદાર હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે બીજીતરફ નગરમાં પાર્કીંગ સેન્સના નામે પણ મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. શહેરમાં નજર નાંખો ત્યાં આડેધડ વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. મન ફાવે તેમ વાહનો પાર્ક થતા રાહદારીઓને મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. નગરના કાર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સાંકડા સર્વિસ રોડની આસપાસ તંત્ર દ્વારા તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ પણ શિરદર્દ સમાન બન્યા છે. અગાઉ તૈયાર કરાયેલા આ પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવ્યો છે. નાટકીય ઝુંબેશના અંતે વર્ષ દરમિયાન બે ત્રણ વાર આ દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. પરંતુ નાટકીય ઝુંબેશના અંતે દબાણો પુનઃ જગ્યા પર ગોઠવાઈ જાય છે. જેના લીધે આમ નાગરિકોને વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી. આ સ્થિતિ વચ્ચે સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થઈ જાય છે. નાછુટકે માર્ગની એકબાજુએ વાહનો પાર્ક કરનારા ચાલકો ટોઈંગ ક્રેન પાછળ દોડવાનો વારો આવે છે. પરંતુ દબાણની મુળભુત સમસ્યાને કાયમી નિવારવા માટે કોઈ નક્કર પગલા લેવાતા નથી. બીજીતરફ પાર્કીંગ પ્લેસની ડિઝાઈન બદલવા માટે પણ તંત્ર દ્વારા અયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણો જ ગોઠવાયેલા રહેતા પાર્કીંગની સમસ્યાનો કોઈ અંત આવવાનો ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ત્યારે પાર્કીંગ પ્લેસ પરથી દબાણો દુર કરવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### પૂર્વ રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝને મુખ્યમંત્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીએ દેશના રક્ષામંત્રી તરીકે ફર્નાન્ડીઝે આપેલી સેવાઓ સાથે કટોકટીકાળ દરમ્યાન લોકશાહી મૂલ્યોના જતન માટે તેમણે અવાજ ઉઠાવી જનક્રાંતિ લાવવામાં ભુમિકા નિભાવી હતી તેનું પણ સ્મરણ કર્યુ હતું.

# વાંચે ગુજરાત અભિયાન ચલાવતા ગુજરાતમાં પાંચ હજારથી વધુ ગ્રંથપાલની જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજયની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ અનુદાનિત કોલેજોમાં ગ્રંથપાલની



ખાલી જગ્યાઓ છેલ્લા બે દાયકાથી ભરવામાં આવી નથી. ગુજરાતમાં ૨૫૦ થી વધુ કોલેજમાં તેમજ ૫૦૦૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલની જગ્યા ખાલી પડી છે. ત્યારે રાજય સરકાર વાંચે ગુજરાત અભિયાન સફળ બનાવવા માટે થનગની રહી છે. ત્યારે છેલ્લા ૧૫ વર્ષથી ઉમેદવારો દ્વારા રાજય સરકારમાં લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. તેમ છતા સરકાર દ્વારા ગ્રંથપાલની ભરતી કરવામાં આવી નથી. ત્યારે આજે ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત રાજયના તમામ ગ્રંથાલય વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પીએચડી, નેટ-સેટ ડિગ્રી ધારકો, ગ્રંથાલય વિજ્ઞાનના સ્નાતકો, અનુસ્નાતકો, તથા ખાનગી સંસ્થાઓમાં ફરજ બજાવતા ગ્રંથપાલો એક દિવસના પ્રતિક ઉપવાસમાં જોડાયા હતા.

રાજયની શાળા અને અનુદાનિત કોલેજોમાં છેલ્લા બે દાયકાથી ગ્રંથપાલની જગ્યાની ભરતી તંત્ર દ્વારા કરાઈ નથી. જેને પગલે વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થઈ રહી છે. દિલ્હીના એનઆઈઆરએફ રેન્કીંગમાં પ્રથમ ૧૦ ક્રમાંકમાં ગુજરાતની એક પણ શૈક્ષણિક સંસ્થાનો સમાવેશ થયો નથી. રાજયની અનુદાનિત કોલેજમાં ૭૦ ટકા ગ્રંથપાલની જગ્યાઓ ખાલી છે. ૧૧૩ રાજયની કોલેજમાંથી ૫૨ કોલેજમાં ગ્રંથપાલની જગ્યા ખાલી છે. રાજયની મોટાભાગની મેડીકલ કોલેજ માં ગ્રંથપાલની જગ્યા ઈન્ચાર્જમાં ચાલી રહી છે. તો બીજીતરફ સરકારી એન્જીનિયરીંગ અને ફાર્મસી કોલેજમાં ૯૦ ટકા જગ્યાઓમાં ગ્રંથપાલની ભરતી કરાઈ નથી. ગ્રંથપાલ અને માહિતી વિજ્ઞાનના અભ્યાસક્રમ ચાલે છે ત્યાં પણ અધ્યાપકોની પૂરતા પ્રમાણમાં જગ્યા ભરાઈ નથી. ત્યારે આજે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પરિષદ ગાંધીનગર દ્વારા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે એક દિવસીય ધરણા યોજ્યા હતા. જેમાં રાજયભરમાંથી ગ્રંથપાલ હાજર રહ્યા હતા.

# ટ્રાફિક સમયે સર્કલ પર નડતરરુપ વાહનો દુર કરવા લોકમાંગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં હાલના સમયે તંત્ર દ્વારા ઠેરઠેર સર્કલો પર ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવ્યા છે. આ ટ્રાફિક સિગ્નલથી હવે શહેરીજનો ટેવાઈ ગયા છે. સિગ્નલ બંધ હોય ત્યારે પોતાનું વાહન તુરંત રોકી દે છે. પરંતુ સિગ્નલ શરુ થાય ત્યારે વાહનચાલકોને સર્કલ પર મુકેલા અને અડીંગ નાંખીને બેઠેલા વાહનચાલકોના વાહનો નડતર રુપ બને છે. જેથી ટ્રાફિક સિગ્નલવાળા સર્કલો પર ચોતરફ પડી રહેલા ટું-વ્હીલર તેમજ ફોર વ્હીલર હટાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ નડતરરુપ વાહનોના કારણે અન્ય વાહનચાલકોને ભારે પારાવાર મુશ્કેલીનો સામનો વેઠવો પડે છે. ત્યારે તંત્ર દ્વારા અડચણરુપ વાહનો ટોંઈગ કરીને ખસેડવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

### સિ.સિ.કા. ના ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પનો ૯૫ લાભાર્થીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૨૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ ગાંધીનગર અને સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના સંયુકત ઉપક્રમે ફ્રી મેડીકલ કેમ્પ તાજેતરમાં યોજાયો હતો. આ કેમ્પનો ૯૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. શહેરના જાણીતા તબિબો દ્વારા નિદાન કરીન જરુરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવી હતી. સિ.સિ.કા દ્વારા આયોજીત ફ્રી મેડીકલ કેમ્પમાં શહેરના મેયર પ્રવિણ પટેલ પણ હાજર રહ્યા હતા. તે ઉપરાત અર્બન હેલ્થ સેન્ટરના ડો.ઈશા તેમજ મહાનગરના ચીફ મેડીકલ ઓફીસર કલ્પેશ ગોસ્વામી સહિત હેલ્થ સેન્ટરના સૌ કર્મચારીઓ અને સંસ્થાના સેવાભાવી સભ્યો હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**PUBLICATION**

Summons for disposal of Application (Rule23) W.C. Rules (1924) Claim Rs. 10,76,168/-

No.222/2019.
Office of the Commissioner for, Employee's Compensation
New Adm.Bldg
Govt. Colony, Bandra (E),
Mumbai-51.
Date:- 18/01/2019

**In the Court of The Commissioner for Employee's Compensation,**
In the 7th Labour Court At Mumbai.
Application (WCA) No. 140/C - 42 of 2018.

Shri. Sushil kumar Kesh N ath Pal. ... Applicant.
V/s
M/s. Baba Transport Company and Otr 1. ..Opponent Party

**NOTICE**

WHEREAS the above named applicant has presented an application in this Court against you to proposed opponent for compensation in respect of the injuries received by him/ death of by accident said to have arisen out of and in the course of his employment. You are hereby summoned to appear in this Court in person or by a pleader or any other person duly authorised in writing and able to answer all material question relating to the application of who shall be accompanied by any other person able to answer all Such question on 07/02/2019 at 11.00 a.m. to answer the claim; and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to relay in support of your defence.

Under rule 27 of the Employee's Compensation Rules, 1924, you are hereby required to file written statement IN DUPLICATE on or before 07/02/2019.

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

Court Seal

By Order of the Court
Sd/-
Assistant Registrar
Commissioner for Employee's Compensation, Mumbai.

To,
M/s. Baba Transport Company,
Office at- Shop No. 15, Jagdish Apartment,
Kachigam Road Namdha Via Vapi,
Gujarat- 396 191.